# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના પરિજનોના D.N.A. ટેસ્ટ માટે 248 લોકોના નમૂના લેવાયા.**
2. **વિમાન દુર્ઘટનામાં D.N.A મેચ થયા બાદ ઓળખ કરાયેલા મૃતદેહોનો સોંપવાની કામગીરી શરૂ.**
3. **દુર્ઘટનામાં મેડિકલ હોસ્ટેલમાં મૃત્યુ પામનારા તબીબોના પરિજનોને 25-25 લાખ રૂપિયાનું વળતર આપવાની એર ઇન્ડિયાની જાહેરાત.**
4. **રાજ્યના અનેક જિલ્લાઓમાં વાતાવરણ પલટાયુ, ગોંડલમાં સૌથી વધુ ચાર ઇંચ વરસાદ ખાબક્યો - પંચમહાલમાં વિજળી પડવાથી મોકળ ગામના સરપંચનું મોત.**
5. **ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજે લોકરક્ષક કેડરની કુલ 12 હજાર જેટલી વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DEATH BODIES

અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ મૃતકોના સગાઓના નમૂનાઓ લેવાની કામગીરી એફ.એસ.એલની ત્રણ ટીમ દ્વારા ડીએનએ સેમ્પલ એનાલીસીસની કામગીરી ચાલી રહી છે તેમાં અત્યાર સુધીમાં 248 સગાં-સંબંધીઓના બલ્ડ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જ્યારે વધુ 11 મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે તેમાંથી 9 મૃતદેહો સુપરત કરવામાં આવ્યાં છે જ્યારે અન્ય 2 સુપરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગે ટ્રોમા સેન્ટર ખાતે ઓર્થોપેડિક, ન્યુરો, મેડિસિન, પ્લાસ્ટિક અને બર્ન્સના 100 જેટલા નિષ્ણાંતો-સહાયકોની 5 ટીમ તેમજ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે 32 નિષ્ણાંતો અને 20 સહાયકોની ટીમ તેમજ બી.જે. મેડિકલ કોલેજના કસોટી ભવન ખાતે 12 નિષ્ણાંતોની ટીમ કાર્યરત કરી છે.

સંબંધિત જિલ્લાઓમાં નશ્વર અવશેષોને સંબંધિત જિલ્લાઓમાં પહોંચાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ 230 ટીમની રચના કરવામાં આવી છે. આ માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રએ પણ 230 કર્મચારીઓની નિમણૂંક તથા કામગીરીના સંકલન માટે ત્રણ નાયબ કલેકટર કક્ષાના અધિકારની નિમણૂંક કરી છે. તેમજ હવાઈ માર્ગે મૃતદેહ લઈ જવા માંગતા લોકો માટે રાજ્ય સરકાર એર ઈન્ડિયા સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

---

# DNA RAJNISH PATEL

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોમાંથી શનિવાર સાંજ સુધીમાં કુલ 11 મૃતકોના DNA સેમ્પલ મેચ કરી લેવાયા છે. જેમાંથી એક પાર્થિવ દેહની ઓળખ કરીને તેને પરિવારજનોને સોંપવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી રાહત, બચાવ અને ઓળખની કામગીરી અંગે માહિતી આપવા માટે રાહત કમિશનર આલોક પાંડે અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ રજનીશ પટેલે એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી.

દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના 18 જિલ્લાના તમામ મૃતકોના પરિવારજનોનો રાજ્ય સરકાર દ્વારા સંપર્ક કરી લેવામાં આવ્યો છે.

## બાઇટ- રજનીશ પટેલ, સિવિલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ

દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે.

આ ટીમ પાર્થિવ દેહને મૃતકના ઘર સુધી પહોંચાડવા માટે પરિવારની સાથે જશે અને તમામ પ્રકારની સહાય પૂરી પાડશે. જરૂરિયાત મુજબ પરિવારોને માનસિક સધિયારો આપવા માટે કાઉન્સેલિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## બાઇટ: રજનીશ પટેલ , સિવિલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ

સરકારના કોલ સેન્ટર દ્વારા પણ પરિવારો સાથે સતત સંપર્કમાં રહીને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે.

પાર્થિવ દેહ વતન પહોંચતાની સાથે જ, પરિવારજનોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક તલાટી દ્વારા તાત્કાલિક ધોરણે પેઢીનામું કાઢી આપવામાં આવશે.

દુર્ઘટનામાં મૃત્યુ પામેલા 11 વિદેશી નાગરિકોના પરિવારજનોનો તેમના દેશની એમ્બેસી મારફતે સંપર્ક કરવામાં આવ્યો છે અને DNA સેમ્પલ મેચિંગ માટેની આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બ્રિટિશ નાગરિકોના પાર્થિવ દેહ તેમના પરિવારોને સરળતાથી સોંપી શકાય તે માટે બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે.

આ દુર્ઘટનામાં બચી ગયેલા દીવના નાગરિકનું સ્વાસ્થ્ય હવે સ્થિર છે અને તેઓ સારવારને સારો પ્રતિસાદ આપીને ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા હોવાની પણ માહિતી આપવામાં આવી હતી.

---

# DNA-AHMEDABAD PLANE CRASH

ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ લંડન જતી એર ઇન્ડિયા ફ્લાઇટ દુર્ઘટનાના પીડિતોની ઓળખ માટેના ચાલી રહેલા પ્રયાસો અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગઇકાલે રાત્રે નવ વાગ્યા સુધીમાં 19 D.N.A. નમૂનાઓ મેચ થયા છે, સોશિયલ મીડિયા પોસ્ટમાં , ગુજરાતના ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ( FSL) યુનિટ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ટીમ વધુ DNA નમૂનાઓ મેચ કરવા માટે રાતભર કામ કરી રહી છે. દરમિયાન , એર ઇન્ડિયાએ જાહેરાત કરી હતી કે ગુરુવારે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉડાન ભર્યા પછી તરત જ

ગુજરાતના અમદાવાદના મેઘાણી નગર વિસ્તારમાં ડોકટરોની છાત્રાલયમાં થયેલા દુ:ખદ અકસ્માતમાં "મૃતકોના પરિવારો અને બચી ગયેલા લોકોને" **25** લાખ રૂપિયાનું વચગાળાનું નાણાકીય સહાય પેકેજ આપવામાં આવશે.

---

## KHADGE

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે ગઇકાલે ગુજરાતની મુલાકાતે હતા તેમણે અમદાવાદમાં વિમાનની દુર્ઘટનાના ઇજાગ્રસ્તોને મળીને તેના ખબર અંતર પૂછ્યા હતા તેમજ દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારબાદ મોડી સાંજે તેમણે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના શોકસંતપ્ત પરિવારજનો સાથે વાત કરી હતી. દિવંગત વિજય રૂપાણીના પુત્ર વૃષભ તથા તેમના પત્ની અંજલી રૂપાણી સાથે વીડિયો કોલથી વાત કરી અને પરિવારના દુઃખમા તેઓ સહભાગી થયા. તેમણે રૂપાણીના નિધન અંગે દુ:ખ વ્યક્ત કરીને પરિવારને સાંત્વના આપી હતી.

---

## VIJAY RUPANI

વિમાનની દુર્ઘટનામાં મૃત્યા પાસેના રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અંતિમ ક્રિયાની તૈયારીઓ રાજકોટમાં શરૂ કરાય છે. હાલમાં **D.N.A.** ટેસ્ટ અને તેના રિપોર્ટ આવ્યા બાદ તેમનો મતદેહ પરિવારને સોંપવામાં આવશે. આ પ્રક્રિયા બાદ તેમના મૃતદેહને રાજકોટ લાવવામાં આવશે. તેમની અંતિમક્રિયા અંગેનો નિર્ણય મૃતદહે સોપાયા બાદ લેવા શે. હાલમાં રૂપાણીના મૃતદેહ રાજકોટ આવે તેની રાહ જોવાઇ રહી છે. સ્થાનિક રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના ભાજપના

નેતાઓ રાજકોટ પહોંચવા લાગ્યા છે. સ્વ વિજયભાઈ રૂપાણીને રાજકોટમાં પારસ સોસાયટી સ્થિત નિવાસસ્થાને તેમના પરિચિતો એકઠા થઈ રહ્યા છે. રાજકોટ શહેરમાં રેસકોર્સ ખાતે રમેશ પારેખ રંગ ભવન ખાતે તેમની વિશાળ પ્રાર્થના સભા યોજાશે.

પૂર્વ મુખ્યમંત્રી સ્વ વિજયભાઈ રૂપાણીના સન્માનમાં રાજકોટ શહેરમાં અનેક સ્થળ પર તેમના પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરાયા છે.

---

# MONSOON

અમદાવાદ સહિત    રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઈકાલ સવારથી વાતાવરણમાં પલટો આવ્યો   છે.  અસહ્ય  ઉકળાટ તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હોવાનું ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ની યાદી જણાવે છે.

ગઈકાલે સવારે 6થી રાત્રિના 10 વાગ્યા સુધીમાં રાજકોટના ગોંડલ તાલુકામાં સૌથી વધુ  ચાર ઇંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજકોટ તાલુકામાં 2.4 ઇંચ, થાનગઢ અને ખેડામાં 2 ઇંચથી વધુ , નડિયાદ,ધોળકા, વાંકાનેર, લુણાવાડા, બોટાદ, બોડેલી, જાંબુગોંડા, કોટડા સાંગાણી અને કાલોલમાં એક-એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ખંભાત, નેત્રંગ, તલોદ, લોધિકા, ટંકારા, સંખેડા, વિરપુર સહિતના તાલુકાઓમાં પણ 1 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે .

આણંદ જિલ્લામાં મોડી સાંજ દરમિયાન વરસાદ નોંધાયો . સીઝનના પહેલા વરસાદથી જ  કાલોલ પંથકમાં ભારે શોક વ્યાપ્યો છે. પંચમહાલ જિલ્લાના કાલોલ

તાલુકાના મોકળ ગામના સરપંચ સંજયસિંહ ચૌહાણનું વીજળી પડવાથી મૃત્યુ થયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં પણ વરસાદી વાતાવરણ જોવા મળ્યું. સાયલા તાલુકાના કંસાલા ગામે વીજળી પડતાં 1 ભેંસનું મોત નીપજ્યું હતું . પંચમહાલ જિલ્લામાં ગોધરા , શહેરા સહિતના તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદ થયો. મહીસાગર જીલ્લામાં ગાજવીજ સાથે વરસાદ થયો જેમાં ખાનપુર , લુણાવાડા ,કડાણા અને સંતરામપુરમાં વરસાદ થયો . વરસાદ અને વાવાઝોડાના કારણે વૃક્ષો ધરાશાયી થયા. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને લઈ વીજળી ગુલ થઈ. બોટાદ, બરવાળા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. વ્યાપક વરસાદથી ધરતી પુત્રોમાં આનંદની લહેર જોવા મળી છે.

---

# WEATHER

આગામી 5 દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. હવામાન વિભાગની યાદી અનુસાર આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

આજે સાબરકાંઠા, અરવલ્લી, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી; સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અમરેલી , ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

---

# POLICE

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજે લોકરક્ષક કેડરની કુલ બાર હજાર જેટલી વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાશે. જાન્યુઆરી-ફેબ્રુઆરી 2025 દરમિયાન યોજવામાં આવેલી શારીરીક કસોટીમાં દસ લાખ 73 હજાર ઉમેદવારો પૈકી લોકરક્ષક કેડરમાં ઉર્તિણ થયેલા બે લાખ 47 હજાર 503 ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઈસ કાસ્ટ—કરન પરમાર)

લોકરક્ષકની લેખિતી પરીક્ષા અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગરની કુલ 825 શાળાઓમાં સીસીટીવી કેમેરા હેઠળ યોજાશે. કોઈપણ જાતની ગેરરીતી ન થાય તે માટે 8 હજારથી વધુ પોલીસ કર્મચારીઓ, અને 18 હજારથી વધુ શિક્ષણ વિભાગનાં અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે.

ઉમેદવારોને પરીક્ષા સ્થળ સુધી પહોંચાડવા માટે એસ.ટી. વિભાગ દ્વારા ઉમેદવારોના વતનના નજીકના ડેપોથી પરીક્ષા કેન્દ્ર સુધી જવા આવવા માટેની વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આકાશવાણી અમદાવાદથી કરન પરમાર

---

# BOARD TEACHER’S FINED

ધોરણ 10નું પરિણામ આવ્યા બાદ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ગુણપત્રકની ફેર ચકાસણીનો વિકલ્પ અપાય છે. જેમાં કોઇ ક્ષતિ દેખાય તો તેને સુધારવામાં આવે છે. ત્યારે આવા પરિક્ષા નિરિક્ષકોની ભૂલ હોય તેવા શિક્ષકોને બોર્ડ દ્વારા દંડ

**ફટકારાય છે. મહેસાણા જિલ્લાના આવા 63 શિક્ષકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. એક ગુણ દિઠ રૂપિયા બસોથી માંડીને બે હજારનો દંડ ફટકારાયો હોવાની માહિતી મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી બી એન પટેલે આપી હતી.**

## (બાઈટ – બી.એન.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી,મહેસાણા)

---

## SP PREM SUKH DELLU JAMNAGAR

**જામનગરમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી મોટાપાયે થઇ રહી છે. જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ વિગતો આપતા કહ્યું હતું કે , જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને જામનગર પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં આશરે 200 કરોડ રૂપિયાના લગભગ 300 ઘરો અને ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. કેટલાક પોલીસ કર્મચારીઓ સહિત અનેક ગુનેગારોએ ફાર્મહાઉસ અને અન્ય અનધિકૃત બાંધકામો ઉભા કરી દીધા હતા જેને તોડી પાડવામાં આવ્યા છે.**

## (બાઇટ – પ્રેમસુખ ડેલુ , એસ.પી. જામનગર)

---